# પ્રસ્તાવના

Preface
શ્રી

## પ્રસ્તાવના

મારા પૂજ્ય પિતામહ શ્રી મોતીલાલ મગનલાલ દેસાઈ, બ્રહ્મનિષ્ઠ શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજીના દીક્ષિત સાધક હોવાથી મારા પૂ. પિતાશ્રીને પણ શ્રી શ્રેયસ્સાધક અધિકારી વર્ગના સાહિત્ય–સંસ્કારના વાતાવરણનો ઠીક ઠીક લાભ મળ્યો હતો. નાનપણમાં હું વડીલોની સાથે વર્ગના ઉત્સવોમાં ભાગ લેવા જતો. તે દિવસે નિશાળે જવાનું નહીં, અને મિષ્ટ પ્રસાદનો લાભ મળે – એ બાલસુલભ આનંદ સિવાય ઉત્સવના ગાંભીર્ય વિશેની કોઈ સમજ તે વખતે મારા મનમાં ન હતી. આશ્રમમાં ગવાતાં ભજનોનું શ્રવણ પણ મને ગમતું.

મારા ઘરમાં ~~શ્રીમાન્~~ શ્રીમન્નૃસિંહાચાર્યજીના "ભામિનીભૂષણ" અને શ્રી માસ્તર સાહેબના "યોગિનીકુમારી" "વિચાર રત્નરાશિ" જેવા સદ્ગ્રંથોનું વાચન–શ્રવણ થતું. મારાં સાધુચરિત માતુશ્રી (અ.સૌ. કાન્તાગૌરી) દેવપૂજામાં બેઠાં હોય ત્યારે કે કામકાજ કરતાં કરતાં ભજનો લલકારતાં. તેમની ભક્તિભાવભરી સૂરાવલિનો મધુર રણકાર – તેમના સ્વર્ગવાસ થયે લગભગ બે વર્ષ થવા આવ્યાં તો પણ – હજુ ય મારા કર્ણપટ પર જાણે ગુંજ્યા કરે છે।

કૉલેજકાળ દરમ્યાન ઉત્સવ જેવી પ્રવૃત્તિઓ પ્રત્યેના મારા અભિગમે વળાંક લેવા માંડ્યો. સ્નાતક કક્ષાના મારા સાહિત્યિક અભ્યાસે નવી દૃષ્ટિનો ઉઘાડ કર્યો. ઘરમાં અને શ્રીનૃસિંહાશ્રમમાં સંભળાતાં પદોમાંનાં સંગીત ઉપરાંત કવિતા અને અર્થ – તત્ત્વ તરફ મારું ધ્યાન ખેંચાયું.

એક દિવસે બપોરે હું નૃસિંહાશ્રમના વિશાળ ઓરડામાં જઈ ચઢ્યો. ત્યાં ભીંતોને અઢેલીને ઊભેલાં કેટલાંય કબાટો

ઉઘાડવામાં આવ્યાં હતાં. પુસ્તકોની હારમાળા અને માસિકોનાં બાંધેલાં જૂથોનો ગંજ જોઈ હું ચકિત થયો. પૂજ્યપાદ શ્રીમત્સુરેશ્વરાચાર્યજીને, તેમનાં કુટુંબીજનો અને ચાર/પાંચ સાધકો સાથે, પુસ્તકાલયની પુનર્વ્યવસ્થા-પ્રવૃત્તિમાં લીન થયેલા જોઈ હું સવિશેષ વિસ્મિત થયો. મેં થોડુંક નિરીક્ષણ કર્યું, પૂછપરછ કરી... અને એ ધન્ય પળે એ પુનિત ધામમાં જ – અક્ષરભંડારની વચ્ચે ઊભા ઊભા – મારા ચિત્તમાં, વર્ગના વાઙ્મયનો ઈષત્ પરિચય પામવાની વિમલ વાસનાનો એકાએક અંકુર ફૂટ્યો. પ્રસિધ્ધ થયેલા શ્રીમન્નૃસિંહાચાર્યજી વિષયક ચરિત્રગ્રંથોના વાચને એ વાસનાને પુષ્ટ કરી.

..... ત્યાં તો મને અનુસ્નાતકની પદવી મળી. એટલે મારા અંતરમનમાં ઊંડે ઊંડે પ્રચ્છન્ન પડેલા "આટલું બધું સાહિત્ય શું અભ્યાસને પાત્ર નથી ?" એ પ્રશ્ને વધુ સંશોધન – અધ્યયન માટે જાણે પડકાર ફેંક્યો ! સદ્વાસનાને સાનુકૂળ સંયોગ પ્રાપ્ત થયો ; કારણ મ.સ.યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ તથા પ્રાચ્યવિદ્યામન્દિરના નિયામક ડૉ.ભોગીલાલ જ.સાંડેસરા, અને ગુજરાતીના રીડર તથા મારા ગુરુજન ડૉ. રણજિતભાઈ મો. પટેલ (અનામી) – બન્ને અધિકારી વિદ્વાનોની મહાનિબંધના વિષય પરત્વે અનુમતિ મળતાં હું પુલકિત થયો.... અને પીએચ.ડી. માટેના વિદ્યાર્થીઓના ચોપડે મારું નામ ચઢી ગયું.

હું ગોધરા અને પછી ખંભાત કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયો. દર રવિવારે અને વેકેશનની રજાઓમાં મહાનિબંધ અંગેનાં પુસ્તકો વગેરેની સામગ્રી એકઠી કરવા લાગ્યો અને કાચું લખાણ પણ તૈયાર કરવા લાગ્યો, ત્યારે જ હું મારા વિષયની વિશાળતા અને કાર્યની જવાબદારીથી ચોંકી ઊઠ્યો. અભ્યાસમાં ગરકાવ થતાં સ્પષ્ટ થયું કે, શ્રેયસ્સાધક અધિકારી વર્ગના આધ

સંસ્થાપક શ્રીમન્નૃસિંહાચાર્યજી અને તેમના પટ્ટશિષ્ય સાધકશિરોમણિ શ્રી છોટાલાલ માસ્તર સાહેબ ("વિશ્વવંદ્ય") – એ મહાનુભાવોનાં જ ચરિત્ર અને વાઙ્મય મહાનિબંધ માટેની અધ્યયન-સામગ્રી સારું પૂરતાં છે. વધુ ઊંડે ઊતરતાં એ પણ સમજાયું કે વર્ગના દ્વિતીય આચાર્ય શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજી પણ એ જ કક્ષાની અભ્યાસક્ષમ વિભૂતિ છે. એ સિવાય પણ વર્ગના સંખ્યાબંધ તેજસ્વી તારકોની દીપમાળાએ વર્ગને દીપ્તિમાન બનાવવામાં સારો ફાળો આપ્યો છે.

આથી હું સહેજ મૂંઝાયો. પરંતુ મારી મુશ્કેલી અને મૂંઝવણનો ઉકેલ મારા માર્ગદર્શક ડૉ. અનામી સાહેબ તરફથી મળતાં, એમની વખતોવખતની સૂચના-સલાહ અનુસાર "ગુજરાતનાં સાહિત્ય અને સંસ્કારમાં શ્રી શ્રેયસ્સાધક અધિકારી વર્ગનો ફાળો" એ વિષયની ફલકમર્યાદામાં રહીને હું પ્રસ્તુત મહાનિબંધની સ્વરૂપરચનાના કાર્યમાં લાગી ગયો.

જે જમાનામાં શ્રેયસ્સાધક અધિકારી વર્ગનો ઉદય અને વિકાસ થયો તે જમાનાના સંદર્ભમાં વર્ગના મહાપુરુષોએ – અને સમગ્રતયા સંસ્થાએ – ગુજરાતને કરેલા સવિશેષ સેવા-પ્રદાનનું યથાર્થ મૂલ્યાંકન થઈ શકે તે હેતુથી, આરંભમાં "પશ્ચાદ્ભૂમિકા"ના પ્રકરણની યોજના કરવામાં આવી છે. અને બીજા પ્રકરણમાં વર્ગના આદ્ય સંસ્થાપક શ્રીમન્નૃસિંહાચાર્યજીની સંક્ષિપ્ત જીવનઝલકને પણ તેની સાથે સાંકળી લેવામાં આવી છે.

શ્રીમન્નૃસિંહાચાર્યજી, શ્રીમાન્ માસ્તર સાહેબ અને શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજી – એ ત્રણ વર્ગના પ્રધાન આધારતત્ત્વરૂપ હોવાથી, તથા સાધકસમુદાયને મન એ ધારાત્રયી (પ્રયાગતીર્થની જેમ) અભિન્નપણે જ્ઞેયધ્યેયોપાસ્ય હોવાથી, ~~હોવાથી~~, એ ત્રિપુટીનાં વિશાળ પ્રેરક સાક્ષરજીવનની સંપૂર્ણ સમાલોચના માટે મેં સ્વતંત્ર

પ્રકરણો ૨,૩,૪,૫ ફાળવ્યાં છે. અન્ય પ્રકરણોમાં વર્ગના વાતાવરણમાં પ્રબુધ્ધ થયેલી અનેકવિધ પ્રતિભાઓનો ઊડતો પરિચય આપવાનો મેં પ્રયાસ કર્યો છે. તેમાં કેટલાંક ધુતિમંત નારીરત્નોનો પણ સમાવેશ થાય છે. વર્ગનાં વિવિધ ઉત્સવો અને સામયિકોએ સાહિત્યસંસ્કારની પીઠ તરીકે જે સેવા બજાવી છે તેનો સ્પષ્ટ ખ્યાલ મેં અનન્તિમ પ્રકરણમાં આપ્યો છે.

પ્રાપ્ત સાધનસામગ્રીની સહાયથી પ્રસ્તુત મહાનિબંધના વિષયનું સુસંકલિત કડીબધ્ધ આલોચન—આલેખન કરવાનો ગુજરાતી સાહિત્યમાં આ સૌથી પ્રથમ પ્રયાસ છે, એવું મારું નમ્ર નિવેદન છે.

મારું સદ્ભાગ્ય એ છે કે મારા વિષયભૂત નૃસિંહાશ્રમ અને વિશ્વવંધોધાનનાં પવિત્ર સ્થાન વડોદરામાં જ છે. તેમાં ય વર્ગના સાંપ્રત આચાર્ય બ્રહ્મવિદ્ શ્રીમત્સુરેશ્વરાચાર્યજીની અપાર અનુકંપા અને વાત્સલ્યની પુનિત ગંગામાં સ્નાન કરવાનું અહોભાગ્ય મને પ્રાપ્ત થયું છે. તેઓશ્રીએ તો આશ્રમની સારી ય (સાહિત્ય) સંપત્તિ જાણે મને સોંપી દીધી, એટલુ જ નહીં પણ કબાટોમાંથી પુસ્તકો કે ફાઈલો કાઢી આપવા ઉપરાંત યોગ્ય સંદર્ભો શોધી આપવાનો પણ પરિશ્રમ ઉઠાવ્યો. ભગવતી શ્રીમતી અરવિંદાદેવી, વંદનીય શ્રી કૈવલ્યદેવ, વંદનીયા કુ.સુભાગિની દેવી અને અન્ય કુટુંબીજનોએ પણ આ કાર્યમાં સક્રિય સાથ આપી મને ખૂબ ઉપકૃત કર્યો છે. પૂજ્યપાદ આચાર્યશ્રી અને પૂ. દેવીશ્રીએ અનેકવાર કલાકોના કલાકો સુધી અપૂર્વ સત્સંગનો લાભ આપી મને અપ્રકટ માહિતી પૂરી પાડવા ઉપરાંત કેટલાક પ્રશ્નો કે વિષયો પર સૂચક પ્રકાશ નાખ્યો છે, જે મને અત્યંત ઉપયોગી નીવડયો છે. એ અધ્યાત્મવિભૂતિઓનો આભાર માનવા માટે શબ્દનું માધ્યમ પણ દુર્બળ છે. પણ શ્રી ઉપેન્દ્રભગવાનના "ચિરંજીવન" સંવાદમાંના માર્કંડેય પાત્રના મુખે ગવાતી પંક્તિઓ સહ હું તેઓનાં

પાદપંકજોમાં સાદર પ્રણામ નિવેદન કરું છું:

"નથી કદી વળવા, નથી કદી વળવા,
આપ તણા ઉપકારો."

વિષયની પસંદગીથી શરૂ કરી આ મહાનિબંધની પૂર્ણાહુતિ પર્યંત, મારા માર્ગદર્શક ગુરુ ડૉ. અનામી સાહેબે મારા વિષયની દરેક બાબતમાં ઝીણવટપૂર્વક સવિગત અમૂલ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન આપ્યાં છે. તેમ જ પ્રો. ભોગીલાલ સાંડેસરા સાહેબે પણ વખતોવખત કિંમતી સલાહસૂચનો આપ્યાં છે. એટલું જ નહીં પણ આ બન્ને આદરણીય મુરબ્બીઓએ જીવનની હતોત્સાહભરી આકરી પળોમાં ય વિરલ હૈયાંહૂંફ આપી છે તે બદલ તેઓનો હું સદાનો ઋણી છું. આ સ્થળે હું તેમનો સાદર વંદન સહ હાર્દિક આભાર માનું છું.

કેટલીક માહિતી તથા સાધનસામગ્રી આપવા માટે ત્રણ વર્ષ પહેલાં જ અવસાન પામેલા સાધકવર્ય શ્રી મણિલાલ યજ્ઞેશ્વર શેલતનું અત્રે હું ઉપકૃતભાવથી સ્મરણ કરું છું. એક યા બીજા કારણસર – પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે – મને યત્કિંચિત્ પણ ઉપયોગી થવા બદલ સર્વશ્રી ચૂનીલાલ ઓઝા, ભોગીલાલ ઓઝા, યશોધર મહેતા, કિશોરચંદ્ર દેસાઈ, વિપિનભાઈ ત્રિવેદી તથા ગુજરાતીના પ્રાધ્યાપક ડૉ. હર્ષદભાઇ ત્રિવેદીનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

આ મહાનિબંધનું ટાઈપકાર્ય કરનાર શ્રી જિતેન્દ્રભાઈ પટેલ ખરેખર અભિનંદનને પાત્ર છે. તેમનો હું આભારી છું. લાચારીથી સ્વીકારી લીધેલી ગુજરાતી ટાઈપરાઈટરની મર્યાદાઓ કઠે નહીં તે માટે ક્ષતિસુધારાણાર્થે મેં અને મારા કુટુંબીજનોએ ખંત, ચોકસાઈ અને ચીવટપૂર્વક ખૂબ જહેમત ઉઠાવી છે, તેમ છતાં રહી જતી ઊણપો માટે ઉદારતા અને સદ્ભાવનાની અપેક્ષા રાખું છું.

નાનીમોટી સેવાઓ બદલ હું મારી વહાલી બહેનો – કુ. વિભૂતિ અને કુ. દક્ષિણા –ને અને સર્વ કુટુંબીજનોને યાદ ન કરું તો નગુણો જ ગણાઉં ને ? મારાં પૂ. પિતાશ્રી મહેન્દ્રકુમાર દેસાઈ (કુમાર) તથા તેમના (એટલે મારા પણ) વડીલોનાં આશીર્વાદ અને વખતોવખતનાં પ્રોત્સાહક પ્રેરણા-સૂચનોને લીધે જ આ ભગીરથ કાર્ય હું પાર પાડી શક્યો છું. તે સૌને મારા પ્રણામ પાઠવી હું વિરમું છું.

———ooo———